## ડીસામાં ભાજપની શક્તિ કેન્દ્ર ખાતે ટિફિન બેઠક યોજાઇ



ભારતીય જનતા પાર્ટી ડીસા શહેર દ્વારા ૧૧ શક્તિ કેન્દ્ર ઉપર ટિફિન બેઠક યોજવામાં આવી હતી. જે અંતર્ગત કિસાન મોરચાના પ્રમુખ ઉદયભાઈ લોધા દ્વારા રાજપુર લોધા વાસ વોર્ડ નં. ૯ માં આવેલ હરી હર મહાદેવના મંદિરે આજે ટીફીન બેઠક યોજાઇ હતી. જેમાં કિસાન મોરચાના પ્રમુખ ઉદયભાઈ લોધા ,મહામંત્રી રામપ્રસાદ લોધા, શક્તિ કેન્દ્રના પ્રમુખ મુકેશભાઇ લોધા, રમેશભાઈ લોધા, રાજુભાઈ, કિશોરભાઇ,પપ્પુભાઇ મહેશભાઈ, રમેશભાઈ, નીતિનભાઇ તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ?બધા જ શક્તિ કેન્દ્ર.ઉપર ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં. અને આગામી કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી સાથે બધાએ એક પરિવારની જેમ ભોજન લીધું હતું અને આગામી કાર્યક્રમોની રૂપરેખા બનાવી હતી જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## પાલનપુર બ્રાહ્મણવાસમાં પીવાનું દૂષિત પાણી આવતા રોષ

**ઘણા સમયથી પાઈપલાઈન માટે ખોદાયેલા ખાડાને લીધે સમસ્યા ઊભી થઇ**



પાલનપુર શહેરના દિલ્હીગેટ નજીક આવેલ બ્રાહ્મણ વાસમાં છેલ્લા ઘણા સમયથી પાઈપલાઈન માટે ખાડો ખોદી રખાયો છે. જેને લઈ વાસમાં પીવાના પાણી સાથે ગટરનું પાણી મિક્સ થતા નાગરિકોમાં આક્રોશ ફેલાયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરના વોર્ડ નં.૨ ના બ્રહ્મણવાસમાં પીવાનું પાણી દૂષિત આવતું હોઈ આગામી સમયમાં રોગચાળો ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. પાલનપુર વોર્ડ નંબર ૨માં આવેલ બ્રાહ્મણવાસમાં છેલ્લા ઘણા દિવસોથી પીવા માટેની પાઈપલાઈન ખોદી મૂકી રાખવામાં આવી છે. જેને લઈ ત્યાંથી પસાર થતા રાહદારીઓ તેમજ બ્રાહ્મણવાસના નાગરિકોને ભારે તકલીફ પડી રહી છે. પાઈપલાઇનમાં પીવાના પાણી સાથે ગટરનું પાણી મિક્સ થતા નાગરિકોએ પાલિકા સામે ફિટકારની લાગણી વરસાવી હતી.

## પ્રાંતિજથી મતાસણ ખાતે ભાવસાર સમાજનો પગ પાળા સંઘ પહોંચ્યો



સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ થી મતાસણ ખાતે ભાવસાર સમાજ નો પગપાળા સંઘ પોહચ્યો હતો તો સંઘ ના સભ્યો દ્વારા ધજા ચડાવી , આનંદ નો ગરબો ગાઈ માતાજીની આરતી ઉતારી સંઘ ના સભ્યોએ ધન્યતા અનુભવી હતી પ્રાંતિજ ખાતે રહેતા ભાવસાર સમાજ ના ભાઈબહેનો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ પ્રાંતિજ થી મતાસણ ખાતે આવેલ કુળદેવી મા હિંગળાજ માતાના મંદિર ખાતે પગપાળા સંઘ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ તથા બહાર ગામ રહેતા ભાવસાર સમાજ ના ભાઈબહેનો પ્રાંતિજ ખાતે રહેતા મહિલા મંડળ મંત્રી હેંમાગી બેન ભાવસાર ના ઘરે એકઠા થઈને ત્યાંથી મતાસણ ખાતે આવેલ કુળદેવી મા હિંગળાજ ખાતે પગપાળા સંઘ નિકળ્યો હતો અને મતાસણ ખાતે પોહચીને ધજા ચડાવી, માં ના દર્શન કરી આનંદનો ગરબો તથા માની આરતી ઉતારી પ્રસાદ લઇ ને ધન્યતા અનુભવી હતી તો મા ના સાંનિધ્ય મા સમાજ ના પ્રમુખ અશોકભાઈ ભાવસાર દ્વારા યુવક મંડળ ની રચના કરવામા આવી હતી જેમા યુવા પ્રમુખ તરીકે કુણાલ કનુભાઇ ભાવસાર, ઉપપ્રમુખ મનન અક્ષય કુમાર, ઉપપ્રમુખ વિશ્વ ગૌતમભાઇ, મંત્રી જયદીપ ભાવસારની સર્વાનુમત વરણી કરવામા આવી હતી.

## પ્રાંતિજ ક્રિષ્ટલ પબ્લીક ઈગ્લીશ મેડીયમ સ્કૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ કિષ્ટલ પબ્લીક સ્કુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સ્કુલ માં અભ્યાસ કરતાં બાળકો એ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામોમાં ભાગલીધો હતો. પ્રાંતિજ ખાતે આવેલ કિષ્ટલ પબ્લીક સ્કુલ ખાતે સાંસ્કૃતિક વાષિકો ઉત્સવનું આયોજન સ્કુલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સોવ પ્રથમ ગણેશવંદના કાર્યક્રમ બાદ દિપ પ્રાગટય કાર્યક્રમ યોજાયો હતો જેમાં કિષ્ટલ પબ્લીક સ્કુલ ના પ્રિન્સીપાલ જીતેન્દ્ર ભાઈ પટેલ, સ્કુલ ના ટ્રસ્ટી ઉપેન્દ્રભાઇ પટેલ, રમેશભાઈ પટેલ , અનુબેન પટેલ, નિકિતાબેન પટેલ, બીનાબેન પટેલ સહિત ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને દિપ પ્રાગટ્ય કરી સાંસ્કૃતિક કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો તો બાળકો દ્વારા ડાન્સ, નાટક, ગીત, એકપાત્રિય અભિનય વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને આવનાર મહેમાનો વાલી પ્રેક્ષકો ના દિલ જીતી લીધા હતાં તો સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમ માં ડાન્સ કોળીયો ગ્રાફર કલ્પેશભાઈ થાપા દ્વારા કરવામાં આવ્યું હતું તો સમગ્ર કાર્યક્રમનું સફળ એકરીંગ પિયુષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું તો કિષ્ટલ પબ્લીક સ્કુલ તથા સ્ટાફ ની સુંદર કામગીરી ને લઈ ને આવનાર મહેમાનો વાલીઓએ સ્કુલ તથા સ્ટાફ ની કામગીરી ને બિરદાવી હતી.


**મામલતદારોની ભૂમિકા શંકાના દાયરામાં**

# અનાજ કૌભાંડ : સાબરકાંઠા જિલ્લાના સસ્તા અનાજના ૬૦ દુકાનદારો સામે ફરી તપાસના આદેશ

## અધૂરી તપાસ કરતાં ૧૦૦ ટકા તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સરકારી અનાજ સગેવગે કરવાના ષડયંત્રમાં સાબરકાંઠા જિલ્લાના ૬૦ સસ્તા અનાજના દુકાનદારોની પ્રાથમિક સંડોવણી સામે આવ્યા પછી ટેકનિકલ ટીમો સાથે મામલતદારને તપાસના આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ ૫ મહિના પછી પણ તપાસ અધૂરી રહેતાં ફરીથી તપાસના આદેશ આપવામાં આવ્યા છે. અધૂરી તપાસ કરી હોવાથી ૧૦૦ ટકા તપાસ કરી રિપોર્ટ રજૂ કરવાના આદેશને લઈને ૫ તાલુકાના મામલતદારોની ભૂમિકા શંકાના દાયરામાં આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોના સમય દરમ્યાન ગત જૂન-જુલાઈ-૨૦૨૧માં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા રેશનીંગના દુકાનદારોને આપવામાં આવેલ મફત અનાજના જથ્થાને બારોબાર સગેવગે કરવાનું રાજ્ય વ્યાપી કૌભાંડ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શોધી કાઢી સરકાર અને પુરવઠા વિભાગને જાણકારી આપવામાં આવી હતી જેમાં સાબરકાંઠા જિલ્લાના ૬૦ દુકાનદારોની સંડોવણી બહાર આવતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચ્યો હતો. સરકારી અનાજનો જથ્થો બારોબાર સગેવગે કરનારા સામે ઠોસ કાર્યવાહીની માંગ થઈ હતી, જેથી જિલ્લા કલેક્ટર દ્વારા ઉચ્ચ કક્ષાએથી મળેલી સૂચના અનુસાર ગત ઓક્ટોબરમાં દરેક તાલુકાના મામલતદાર સાથે ૫ સભ્યોની તપાસ કમીટી



બનાવી તપાસના આદેશ આપવામાં આવ્યા હતા અને તેમાં ટેકનિકલી માણસોની ટીમમાં રાખવામાં આવ્યા હતા જેથી કોમ્પ્યુટરમાં ફીટ કરેલા સોફટવેરમાં કોઈ છેડછાડ કરી છે કે કેમ..?? તે જાણી શકાય પરંતુ જિલ્લા કલેક્ટરના આદેશ પછી પણ હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ મામલતદાર દ્વારા ગોકળગાયની ગતિએ તપાસ કરતાં અનેક સવાલ ઉઠયી હતી. લાંબા સમય સુધી તપાસ રિપોર્ટ સબમીટ થયા ન હતા અને માંડેથી પસ્તાળ પડતાં તપાસ રિપોર્ટ રજૂ થયા પરંતુ એકપણ મામલતદાર દ્વારા સંપૂર્ણ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો ન હતો. જેથી પુરવઠા તંત્ર અને સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરનારાઓ વચ્ચે કડી હોય તેવી આશંકા પણ પ્રવર્તીતિ હતી. ગંભીર બાબત હોવા છતાં મંથરગતિની તપાસના કારણે જિલ્લા વહીવટી તંત્રની કામગીરી સામે અનેક લોકોએ સવાલ ઉઠાવ્યા છે. જ્યારે જાણવા મળ્યા મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મામલતદારોને ૧૦૦ ટકા તપાસ કરાવીને રિપોર્ટ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યા છે. ગરીબોને આપવાનું સસ્તા અનાજને બારોબાર વેચી મારવાના કૌભાંડમાં ફરીથી તપાસના આદેશ આપવામાં આવે તે બાબત દુખદ હોવાનું અનેક લોકોએ જણાવ્યું છે. જ્યારે કેટલાક કૌભાંડીયાને બચાવવા માટે અધિકારી સંપૂર્ણ રિપોર્ટ રજૂ કરતા ન હોવાની ગરમા ગરમ ચર્ચા બહુમાળી ભવનમાં સાંભળવા મળી છે.

### ૬૦ દુકાનદારો સામે સંપૂર્ણ તપાસના આદેશ..

સાબરકાંઠાના ૬૦ દુકાનદારો સામે સસ્તા અનાજનો જથ્થો સગેવગે કરવાનો આરોપ લાગ્યા પછી કલેક્ટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ ૫ મહિના પછી પણ તપાસ અધુરી રહી છે જેથી સંપૂર્ણ ૧૦૦ ટકા તપાસ કરવા આદેશ અપાયાનું જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા જણાવ્યું છે.

| તાલુકો | દુકાનદારો |
|---|---|
| હિંમતનગર | ૩૩ |
| ઈડર | ૨૨ |
| વડાલી | ૦૩ |
| ખેડબ્રહ્મા | ૦૧ |
| પ્રાંતિજ | ૦૧ |

### અનાજ સગેવગે કરવામાં ઢીંગલી સોફ્ટવેરનો ઉપયોગ

રાજ્ય વ્યાપી અનાજ કૌભાંડના મુખ્ય સૂત્રધારોએ ગરીબોના હકકનું અનાજ સગેવગે કરવામાં ઢીંગલી નામે ખાસ સોફ્ટવેર તૈયાર કર્યું હતું. કાર્ડધારકોની ફીંગરપ્રિન્ટ વગર ખાસ ટેકનિક ઉભી કરવામાં આવી હતી જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ અનાજ કૌભાંડના આરોપીઓએ આજ ઢગલી સોફ્ટવેરનો ઉપયોગ કર્યાની વિગતો જે તે સમયે સામે આવી હતી.

## અરવલ્લી : બે બાહોશ RTO અધિકારી રોડ પરથી પસાર થતા વાહન ચાલકો પાસેથી બે ફોલ્ડરીયા મારફતે કઈ રીતે ખેલ પાડી રૂપિયા ખંખેર છે વાંચો...!!

મોડાસા, તા. ૪

અરવલ્લી જીલ્લા એઆરટીઓ કચેરી ભ્રષ્ટાચાર થી ખદબદી રહી છે જીલ્લા આરટીઓ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકોને એજન્ટ પાસે ધકેલી દઈ લૂંટવામાં આવી રહ્યા હોવાની બૂમો વચ્ચે જીલ્લા એઆરટીઓ કચેરીમાં ફરજ બજાવતા બે પોતાને બાહોશ સમજતા અધિકારીઓ રાત્રે જીલ્લાના માર્ગ પરથી પસાર થતા ઓવરલોડ માલસામાન અને ગેરકાયદેસર ખનીજનું વહન કરતા ટ્રક-ડમ્પરને અટકાવી કોઈ પણ પ્રકારની સરકારી નોંધ પાડ્યા વગર કચેરીના પરિસરમાં કે કચેરીની બહાર લઈ આવી મૂકી દીધા પછી થોડાક કલાકોમાં ઈલ્યાસ અને હનીફ નામના બે ફોલ્ડરિયાના વાહનચાલક કે માલિકનો સંપર્ક કરી મસમોટા સરકારી દંડનો ડર બતાવી તોડ કરી બંને આરટીઓ અધિકારીને રૂપિયા પહોંચાડી સરકારી તીજોરીને વર્ષે દહાડે લાખ્ખો-કરોડો રૂપિયાનું નુકશાન કરી રહ્યા હોવાની ચર્ચાએ ભારે ચકચાર મચાવી છે બંને અધિકારીના લીધે કચેરીમાં કામ કરતા અન્ય પ્રામાણિક અધિકારીઓની કામગીરી પણ શંકાના દાયરામાં આવી રહી છે. આધારભૂત સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લા એઆરટીઓ કચેરીમાં ફરજ બજાવતા બે અધિકારીઓ જીલ્લાના માર્ગ પરથી પસાર થતા ઓવરલોડ અને



ગેરકાયદેસર ખનીજ વહન કરતા વાહનને ઝડપી લીધા પછી મોટી રકમનો દંડ ભરવો પડશે તેમ જણાવી ડર પેદા કરવામાં આવે છે ત્યાર બાદ બંને અધિકારીએ રાખેલ ઈલ્યાસ અને હનીફ નામના બે ફોલ્ડરિયાને મેદાનમાં ઉતારવામાં આવે છે જે વાહન પકડયું હોય તેના ચાલક કે માલિકનો સંપર્ક કરી તેમને આરટીઓ અધિકારી સાથે સારા સબંધ છે અને તમારે ૧૫ થી ૨૦ હજાર રુપિયા સરકારી દંડ થશે તેમ જણાવી જો પતાવટ કરવી હોય તો કહો તો બરોબર પતાવી આપીશું કહીં વાહન ચાલક કે માલિક સાથે ૫ થી ૧૦ હજાર રૂપિયામાં ડીલ નક્કી કરી બંને અધિકારીને તોડની રકમ વ્યાજબી લાગે તો બંને ફોલ્ડરને લીલી ઝંડી આપતા જ વહેવાર કરી વાહન છોડી મુકવામાં આવે છે અને આ રીતે વાહનચાલકો પાસેથી રૂપિયા ખંખેરવાંના આ આખા કૌભાંડ ની શરૂઆત થાય છે અને તોડ કરી સરકારી તિજોરીને વર્ષે દહાડે લાખ્ખો રૂપિયાનો ચૂનો લગાવી અધિકારીઓ અને ફોલ્ડરીયા ખિસ્સા ભરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. એઆરટીઓ કચેરીમાં ઝડપાયેલા વાહનો માંથી કેટલા વાહનો પાસેથી સરકારી દંડ વસુલવામાં આવ્યો અને કેટલા પાસેથી તોડ કરવામાં આવ્યો તે જાણવું હોય તો ગાંધીનગર કમિશનર કચેરી દ્વારા અરવલ્લી જીલ્લા એઆરટીઓ કચેરીની બહાર લાગેલા સીસીટીવી કેમેરા છેલ્લા ૬ માસના ચેક કરવામાં આવે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે છે.

### પોતાના ખિસ્સા ભરી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન...!!

સરકારી બાબુઓ વચ્ચે રહીને પોતાના ખિસ્સા ભરીને વર્ષે દહાડે સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડી રહ્યા છે, દંડ ન વસૂલી બારોબાર પોતાની તિજોરી ભરતા ભ્રષ્ટ અધિકારી લાજ શરમ વિના વાહન ચાલકોને દંડી રહ્યા છે. એટલું જ નહીં લોકો એલી હદે અધિકારીથી ત્રસ્ત થયા છે કે, આવા ભ્રષ્ટ અધિકારીને જાહેરમાં ખુલ્લો પાડવાની લોકચર્ચાએ જોર પકડ્યુંછે. RTO માં ચાલતા વહીવટ રાજ અને અધિકારીઓની ભ્રષ્ટ નીતિ સામે રાજ્ય ACB ટીમ દ્વારા તપાસ કરવી જોઈએ તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

## ભાજપ સોશ્યલ મીડીયા-આઈ.ટી. સેલમાં આકરૂન્દના જૈમિન શાહની નિયુક્તિ

**પક્ષ-સરકારની કામગીરીનો પ્રચાર-પ્રસાર કરશે**

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૪

ધનસુરા તાલુકા ભાજપ સોશ્યલ મીડીયા અને આઈ.ટી. સેલની બેઠક તાજેતરમાં ધનસુરા ખાતે યોજાઈ ગઈ જેમાં આકરૂન્દ વેપારી મહામંડળના પ્રમુખ અને વૈષ્ણવ સમાજના યુવા અગ્રણી જૈમિનકુમાર હસમુખલાલ શાહની સોશ્યલ મીડીયા-આઈ.ટી.સેલમાં નિયુક્તિ કરાતાં સમગ્ર પંથકમાં ખુશાલી છવાઈ છે. આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવવાની છે ત્યારે તેમના શિરે પક્ષની અને સરકારની કામગીરીનો પ્રચાર-પ્રસાર કરવાની વિશેષ જવાબદારી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા સોંપવામાં આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર વૈષ્ણવ સમાજના યુવા અગ્રણી, આકરૂન્દના જાણીતા વેપારી, આકરૂન્દ કેળવણી મંડળના કારોબારી સભ્ય જૈમિન શાહની પક્ષ માટેની કામગીરીની માંડે માંડે પણ નોંધ લેવાઈ છે. પ્રદેશ ભાજપ પ્રમુખ દ્વારા ભાજપના સોશ્યલ મીડીયા અને આઈ.ટી. સેલને તમામ મંડલોમાં



સક્રીય કરવાની સંગઠનને સૂચનાઓ આપ્યા પછી વિશેષ કામગીરી કરતા યુવાનોની તેમાં પસંદગી થઈ રહી છે. આકરૂન્દના જૈમિન શાહની પસંદગી થતાં જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કાળાભાઈ રબારી, ધનસુરા તાલુકા પંચાયતના દંડક વિણાબેન વિનોદભાઈ પટેલ, આકરૂન્દ ગ્રામ પંચાયતના સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ. પટેલ, ઈશ્વરભાઈ એમ. બ્રહ્મભટ્ટ, ભાજપના સક્રીય સભ્ય વિનોદભાઈ બી. પટેલ સહિત આકરૂન્દના ભાજપના કાર્યકરોએ તેમની નિયુક્તિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસા રોટરી ક્લબના સ્પર્ધાત્મક પરીક્ષા પ્રોજેક્ટમાં ડી. વાય. એસ. પી. ડૉ. કુશલ ઓઝાનો સેવાયજ્ઞ

**૪ પરીક્ષા કઈ રીતે પાસ કરી ? તેનું સ્વાનુભવથી સચોટ માર્ગદર્શન આપ્યું**

ડીસા, તા. ૪

છેલ્લા છ વર્ષથી ડીસા તાલુકાના વિદ્યાર્થીઓનું સરકારી નોકરીઓમાં વધુમાં વધુ સિલેકશન થાય તેવા શુભ ઉદ્દેશ્યથી રોટરી ક્લબ ડીસા દ્વારા સ્પર્ધાત્મક



પરીક્ષાનું માર્ગદર્શન પ્રોજેકટ ચલાવવામાં આવે છે જેમાં આજ સુધીમાં ૧૦૦ કરતા વધારે ઉમેદવારોને નોકરી પણ મળેલ છે જેનાથી ઉત્સાહિત થઈ આ વર્ષમાં પણ પરીક્ષાર્થીઓ માટે કોચિંગ ક્લાસ ચલાવવામાં આવે છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત આ વર્ષે ૧૯૮ વિદ્યાર્થીઓને પરિક્ષા લક્ષી માર્ગદર્શન આપવામાં આવે.છે જેમાં આજે રવિવારે ડી.વાય. એસ.પી. ડૉ. કુશલ ઓઝા દ્વારા વિદ્યાર્થીઓને સફળતા માટે ગુરુ મંત્ર આપવામાં આવ્યો હતો . પરિક્ષામાં કઈ રીતના પ્રશ્નો પૂછાશે અને એનો સાચો જવાબ કઈ રીતે શોધવો ? એની સુંદર ટ્રિક આપવામાં આવી હતી. પોતાના સ્વ અનુભવો દ્વારા તેમણે ૪ એક્ઝામ કઈ રીતે પાસ કરી અને કઈ કઈ બુકનો ઉપયોગ કર્યો ? તેની તલસ્પર્શી માહિતી આપી હતી. કરંટ ટોપિક માટે વર્તમાન પત્રોનું વાંચન કઈ રીતે કરી શકાય તેનું સુંદર ડેમોસ્ટ્રેશન પણ કર્યું હતુ . પોતાના બિઝી સિડ્યુલ માંથી લગભગ બે કલાક કરતાં વધુ સમય એમણે તાલીમાર્થીઓ વચ્ચે વિતાવીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. રોટરી ક્લબ ડીસાના પૂર્વ પ્રમુખ નટુભાઈ પટેલ દ્વારા તેમનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ તેમજ આ પ્રોજેક્ટમાં વર્ષોથી માર્ગદર્શન પૂરું પાડનાર અંકુરભાઈ મોદી સર દ્વારા પણ તેમનું પુષ્પ ગુચ્છ દ્વારા સ્વાગત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ રોટરી ક્લબના માનદ મંત્રી ડો.ગોપાલભાઈ જોશી દ્વારા કરવામાં આવેલ. છેલ્લા છ વર્ષથી ચાલતા આ પ્રોજેક્ટમાં રોટરી ક્લબ ડીસાના દરેક સભ્યો દ્વારા સુંદર સહયોગ મળ્યો છે જેના માટે રોટરી ક્લબના પ્રમુખ ડૉ .પ્રવીણભાઈ ઠક્કર અને આસિસ્ટન્ટ ગવર્નર શાંતિભાઈ ઠક્કર દ્વારા રોટરિયન મિત્રોનો આભાર માનવામાં આવ્યો હતો.

## બનાસકાંઠા પોલીસ અધિક્ષકની ગાંધીનગર ખાતે બદલી કરાઈ: નવા એસપી તરીકે અક્ષયરાજ મકવાણાની નિયુક્તિ

પાલનપુર તા. ૪

સરકાર દ્વારા પોલીસ વિભાગમાં વહીવટી સરળતા માટે ૭૭ આઈપીએસની એક સામટી બદલીના હુકમ કરાયા છે જેમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરુણ દુગગલની ગાંધીનગર એસપી તરીકે બદલી કરવાસમાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી



પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જ્યારે બનાસકાંઠા ના નવા પોલીસ અધિક્ષક તરીકે પાટણ એસપી અક્ષયરાજ મકવાણાની બદલી કરવામાં આવી છે જોકે નવ નિયુક્ત એસપી અક્ષયરાજ મકવાણા અગાઉ થરાદ એએસપી તરીકે ફરજ બજાવી ચુક્યા હોઈ તેઓ બનાસકાંઠા થી પરિચિત હોઈ તેમની સેવાનો બનાસવાસીઓ ને લાભ મળી રહેશે.

**હે રામ ! અંતિમધામે પણ પ્રાથમિક સુવિધા નહીં...!**

## મેઘરજ સ્મશાનગૃહમાં ગાડીની હેડલાઈટ ચાલુ કરી અંતિમ સંસ્કાર કરવા મજબૂર...!

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક સુવિધાઓથી લોકો વંચિત છે, જેના કેટલાય તથ્યો સામે આવ્યા છે. પણ હવે તો હદ થઈ કે, જિલ્લા તંત્ર મડદાને પણ શાંતિ વિદાય આપી શકતું ન હોવાનો કિસ્સો સામે આવ્યો છે. મેઘરજ સ્મશાન ગૃહમાં લાઈટ બંધ હાલતમાં જોવા મળી રહી છે, જેને લઇને ગાડીઓના હેડ લાઈટ ચાલુ કરી મૃતકની અંતિમક્રિયા કરવાનો વારો આવ્યો હતો. ૩ એપ્રિલના રોજ બ્રહ્મણ પરિવારના એક વ્યક્તિનું નિધન થયું હતું, જેમની અંતિમક્રિયા કરવા માટે મેઘરજના સ્મશાનગૃહ ખાતે લઈ જવાયા હતા, જોકે ડાઘુઓ અંધારામાં અંતિમક્રિયા કરવા મજબૂર બન્યા હતા.




મેઘરજ નગર માં સ્મશાનગૃહ આવેલું છે, જેનું સંચાલન મેઘરજ પંચાયત દ્વારા કરાય છે, પણ સ્મશાન ગૃહમાં પણ કેટલીક પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવામ મળે છે, જેથી અંતિમક્રિયા માટે આવતા ડાઘુઓને પણ હાલાકીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. મોટાભાગની લાઈટ બંધ હોવાથી રાત્રિના સમયે અંતિમક્રિયા માટે આવતા લોકોએ હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક એવી ઘટના ૩ એપ્રિલના રોજ બની હતી કે, શરમથી માથુ ઝૂકી જાય, પણ તંત્રને આવી કોઈ જ ચિંતા નથી. મૃતક વ્યક્તિના અંતિમક્રિયા માટે પહોંચેલા ડાઘુઓએ ગાડીઓને હેડ લાઈટ ચાલુ કરીને અંતિમક્રિયા કરવી પડે તે કેટલી હદે યોગ્ય છે, તે સવાલ છે. ગામડાના માનવીને કોઈ જ વસ્તુની કે પ્રાથમિક સુવિધાની જરૂર નથી તેવું તાલુકા તંત્ર અને જિલ્લા તંત્ર માની રહ્યું છે. માત્ર લાઈટ જેવી સુવિધા ન કરી આપતું હોય તો મોટા કામ કેવી રીતે પાર પાડી શકે તે એક સવાલ છે.

અરવલ્લી જિલ્લામાં સગર્ભા મહિલાઓએ રોડના અભાવે પદયાત્રા કરીને એમ્બ્યુલન્સ સુધી જવું પડે, પહેલા પાણી, પછી પરીક્ષા આપવા જતાં વિદ્યાર્થીઓ અને હવે નનામી મુકેલા મૃતદેહનો વિચાર કોઈને નથી આવતો કે શું.. ?



## જન્મદિને વધામણી



રેખા પ્રવિણ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી



અશોકભાઈ મગનભાઈ
પટેલ
રડોદરા તા. બાયડ



મયંક ચૌધરી
નગરપાલિકા, બાયડ
દખનેસ્વર તા.બાયડ



ઉન્મેષભાઈ બી. પટેલ
આચાર્ય, સરસ્વતી
વિદ્યાલય, રમાસ
બાયડ જીલ્લો અરવલ્લી